મુંબઈ મહાજનનાં ઉપક્રમે શિક્ષણ સમિતિ દ્વારા જ્ઞાતિનાં ૯ થી ૧૨ ધોરણનાં છાત્રો માટે એપ્ટીટ્યુડ ટેસ્ટ રવિ. તા.૨૨-૪-૧૨નાં ૮.૩૦થી ૧ માં મુલુન્ડની મોતી પચાણ શાળામાં છે. ફોર્મ ભરી નામ નોંધણી ૧૬-૪-૧૨ સુધી છે. ધો. ૧૦, ૧૨ ને ગ્રેજ્યુએશન બાદ



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**


Trust Regn. No. E-2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

આગળની શૈક્ષણિક કારકીર્દી માટે માર્ગદર્શનરૂપ આ ટેસ્ટ આગળનાં શિક્ષણ માટે ઉપયોગી બની રહેશે.

### તામીલનાડુ-કેરાલા પ્રવાસ

મુંબઈ મહાજનના ઉપક્રમે આગામી પ્રવાસ તા.૧૬ થી ૨૫-૧૧-૧૨ દરમ્યાન તામીલનાડુ-કેરાલામાં કલીકટ, વયનાડ, કોચીન, અલ્પઈ, કોઈમ્બતુર અને ઉટી સ્થળે યોજાયેલ છે. વહેલો તે પહેલોનાં ધોરણે ૨૦૦ જણને લેવાશે. રૂા.૩૦૦૦ ભરી તા.૧૬-૪-૧૨ સુધીમાં નામ મહાજન કાર્યાલયે નોંધાવવા જણાવાયું છે.

તા.૨૮-૯ થી ૧-૧૦ દરમ્યાન કચ્છ ચૈત્ય પરિપાટી-ગુરૂવંદન કાર્યક્રમ છે. રૂા.૫૦૦ ભરી તા.૨૬-૫-૧૨ સુધી નામ નોંધાશે.

### લગ્ન આદિ પ્રસંગે ભાડેથી તલવાર સુવિધા

મુંબઈ મહાજનશ્રી દ્વારા જ્ઞાતિજનો માટે લગ્ન આદિ પ્રસંગે અણવર માટે ભાડેથી તલવારની સુવિધા હવે મસ્જીદબંદર અનંતનાથ જિનાલય કાર્યાલયે, અનંતછાયા-ઘાટકોપર અને ભાંડુપ અનંતસિધ્ધિમાં કાર્યાલયે ઉપલબ્ધ રહેશે જેનો જ્ઞાતિજનો લાભ લઈ શકશે.

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ

મંડળનાં ઉપક્રમે માતાજીની ભાવના શ્રીવાસુપુજ્ય જિનાલયે રવિવાર તા.૨૯-૪-૧૨ના રાત્રે ૯ વાગે રાખેલ છે. જેનો લાભ શ્રી ખીમજી રતનશી મૈશેરી પરિવાર (મોટીસિંધોડી)એ લીધેલ છે. આગામી ભાવના તા.૨૭-૫-૧૨ના છે. જેનો લાભ શ્રી કલ્યાણજી માણેકજી મૈશેરી પરિવાર (માંડવી)એ લીધેલ છે.

### હુબલીમાં ધર્મ આરાધના

પ્રવચન પ્રભાવક મુનિશ્રી દેવરત્નસાગરજી આ.ઠા.ની નિશ્રામાં અત્રે સુંદર ધર્મ આરાધના થઈ તેમની નિશ્રામાં પૂ.આ.શ્રી રત્નસુંદરસુરીજી મ.સા.ના ૨૫ પ્રવચનનાં પાંચ પુસ્તકોનાં સેટનું વિમોચન તા.૮-૪નાં થયું. સુરીગુણ સ્મૃતિમાં સવા કરોડ નવકાર જાપ અનુષ્ઠાન, પાર્શ્વપદ્માવતી પૂજન થયેલ. પૂ. મુનિ દેવરક્ષિત અને તત્વરક્ષિતસાગરજીની ઓળી ચાલુ છે. નવ દિવસ ઓળીમાં પ્રવચનોનું સૌને આકર્ષણ રહ્યું. બાળકોએ પૌષધવ્રત કર્યા.

### પર્યુષણ પર્વ

અચલગચ્છીય સમાચારી મુજબ પર્યુષણ પર્વ તા.૧૪-૮ થી શરૂ થાય છે. ૧૨૦ દિવસ અગાઉ રેલ્વે ટીકીટો મળતી હોઈ આરાધના સ્થળે કે વતનમાં જવા આગોતરી વ્યવસ્થા કરી લેવા ભલામણ છે.

### શ્રી પ્રબોધ મુનવર રેલ્વે સમિતિમાં નીમાયા

શ્રી પ્રબોધ હીરાચંદ મુનવર (કોઠારા-ભુજ)ની ભુજ રેલ્વે સ્ટેશન સલાહકાર સમિતિમાં સતત ચોથી વખત વરણી કરવામાં આવી છે.

સ્ટેશન સુધારણા, સુવિધાઓમાં વધારો કરવા, નવી ટ્રેનો શરૂ કરવા, ગાંધીધામ આવતી ટ્રેનોને ભુજ સુધી લંબાવવા, કચ્છની મુંબઈથી આવતી બંને ટ્રેનોને દાદરથી ઉપાડવા, મુંબઈ-ભુજ વચ્ચે વધુ ટ્રેનસેવા શરૂ કરવા તેઓશ્રી રેલ્વે મંત્રાલય તથા ઉચ્ચ અધિકારીઓ સમક્ષ સતત રજુઆતો કરતા રહ્યા છે.

### કચ્છમાં મહાવીરજયંતિની ઉજવણી

સમગ્ર વિશ્વને સત્ય, અહિંસા, કરૂણા, પ્રેમ અને મૈત્રીનો સંદેશો આપનાર ૨૪મા તીર્થંકર મહાવીરસ્વામીના જન્મ કલ્યાણકની કચ્છભરમાં ઉમંગભેર ઉજવણી થયેલ.

દરેક ગામે જિનાલયોમાં પૂજા-પાઠ, ભક્તામરસ્ત્રોત, રત્નાકર પચ્ચીસી, સ્તવનો વિગેરે ભક્તિભાવપૂર્વક થયા હતા. પ્રભુજીની રથયાત્રાનું આયોજન થયું હતું. જેમાં બહોળી સંખ્યામાં જૈન-જૈનેતર ભાઈ-બહેનો જોડાયા હતા. જ્યારે સાંજે પ્રભુજીની સુંદર અંગરચના તથા જિનાલયોમાં દિપમાળા પ્રજજવલિત કરવામાં આવેલ.

ભુજમાં વાણિયાવાડ ડેલા મધ્યે આવેલ શ્રી આદિનાથ જિનાલયેથી પૂ.સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. મહાવીર જૈન સંગીત કલા મંડળ બેન્ડ પાર્ટી, સ્વામિનારાયણ બાળ યુવક મંડળ બેન્ડ પાર્ટી તથા ઢોલ-શરણાઈનાં સૂરો સાથે પ્રભુજીનો ભવ્યાતિભવ્ય વરઘોડો નીકળ્યો હતો.

જેમાં ધર્મધ્વજસહ ઘોડેસ્વાર, શણગારેલી ઉંટગાડીઓ, રીક્ષાઓ, મયુરાસન, પ્રભુજીનો રથ, ધ્વજા-પતાકા-બેનર, વેષભૂષા, વરઘોડાનાં મુખ્ય આકર્ષણ હતા.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર
મુલુંડ
પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥
25 SILVER JUBILEE
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે ૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને
ગ્રુપમાં ટેઈલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

આ શોભાયાત્રામાં મહાવીરસ્વામીનાં જીવનચરિત્રનાં વિવિધ પ્રસંગોની ઝાંખીઓ રજુ કરવામાં આવેલ. બાળકો દ્વારા લોકોને વ્યસનમુક્તિ તમાકુ, ગુટકા નહીં ખાવા, પ્લાસ્ટીકના ઝબલા નહીં વાપરવા સહિતનાં સંદેશા પાઠવતા દ્રશ્યો જોવા મળ્યા હતા.

શોભાયાત્રામાં પૂર્વ ધારાસભ્ય શ્રી મુકેશભાઈ ઝવેરી, ભુજ જૈન સાત સંઘ અધ્યક્ષ શ્રી પી.સી. શાહ, કૌશલ શાહ તથા ભુજ જૈન સાત સંઘ આગેવાનો, જૈન સમાજનાં આગેવાનો તથા શ્રાવક-શ્રાવિકાઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા. શોભાયાત્રામાં ઠંડા રસ-છાસ-પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. શોભાયાત્રાની વ્યવસ્થા દિપક રાજા, ભરત સંઘવી, ચેતન શાહ, પ્રબોધ મુનવર, મુકેશ શાહે સંભાળી હતી. પ્રભુજીનો રથ શ્રી ચંદ્રેશ શાહ તથા પ્રભુભક્તોએ પૂજાનાં સોનેરી ડ્રેસમાં સજજ થઈને ચલાવ્યો હતો. વાણિયાવાડ, સુહાગ રીંગ રોડ, નાગર વંડી, મહેરઅલી ચોક થઈ રથયાત્રા ફરી જિનાલયે પહોંચતા પ્રભુજીને પોંખવામાં આવેલ. બપોરે સમસ્ત જૈન સમાજની સાધર્મિક ભક્તિ જૈન ગુર્જર વાડીમધ્યે યોજાઈ હતી.

પુષ્પાબેન ઝવેરી, આદિજિન મંડળ, તથા શ્રીમતિ રેશ્માબેન મુકેશ ઝવેરી દ્વારા ભક્તિગીતનું આયોજન કરવામાં આવ્યું. મહાવીર જયંતિ નિમિત્તે જૈન સમાજનાં વેપારીઓએ વેપાર-ધંધા સાથે વહીવટ બંધ રાખ્યો હતો.

સુપાર્શ્વ જૈન સેવા મંડળ દ્વારા પશુ-પક્ષીઓની વિવિધ સેવાઓ કરવામાં આવી હતી. માનવજ્યોત ભુજ દ્વારા દાતાશ્રી પારસ વી. મહેતાનાં સહયોગથી પ્રબોધ મુનવર અને ટીમ દ્વારા માનસિક આરોગ્યની હોસ્પીટલમાં તથા કે.સી.આર.સી.નાં વિકલાંગોને આઈસ્ક્રીમ અપાઈ.

### અબડાસામાં મહાવીર જન્મકલ્યાણક ઉજવણી

અબડાસા મોટી પંચતીર્થીના સુથરી, કોઠારા. જખૌ, નલીયા,તેરા ગામોમાં મહાવીરજયંતિ નિમિત્તે પ્રભુજીનાં ભવ્ય વરઘોડા નીકળેલ.

કોઠારામાં પ્રભુજીને લઈ રથમાં બેસવાનાં ચડાવાનો લાભ શ્રી કલ્યાણજી લક્ષ્મીચંદ ડાઘાએ જ્યારે બંને ટાઇમની સાધર્મિકભક્તિનો લાભ શ્રી ટોકરશી ડુંગરશી લોડાયા પરિવારે લીધેલ. સુથરીમાં પ્રભુજીની પાલખી તથા અન્ય ચડાવાનો લાભ શ્રી દામજી કલ્યાણજી લોડાયા, નરશી નેણશી સોની અને ચંદ્રકાન્ત પદમશી ઘરમશી પરિવારોએ લીધો હતો. જખૌમાં સાધર્મિકભક્તિનો લાભ શ્રી સોમચંદ લખમશી પરિવાર (હૈદ્રાબાદ) લીધેલ.

તેરામાં પ્રભુજીનાં રથનાં સારથી બનવાનો લાભ શ્રી નરેન્દ્ર લાલજી ખોનાએ, જ્યારે રથમાં પ્રભુજીને લઈ ને બેસવાનાં ચડાવાનો લાભ શ્રી પ્રવિણભાઈ નારાણજી દંડે લીધો હતો.

નલીયામાં રથયાત્રામાં ભાવિકો ઉમટયા હતા. પ્રભુરથ સારથી બનવાનો લાભ શ્રી દિનેશ શીવજી ઘરમશી, રથમાં પ્રભુજીને લઈને બેસવાનાં ચડાવાનો લાભ શ્રી મહેન્દ્ર ટોકરશી નાગડાએ, પ્રભુજીની પૂજાનો લાભ શ્રી લક્ષ્મીચંદ શામજી લોડાયાએ, જ્યારે પ્રભુજીને પોંખવાનો લાભ શ્રી હીરજી દેવજી નાગડા પરિવારે લીધો હતો.

### સખીવૃંદ-પુના

વૃંદ દ્વારા તા.૧૮-૨ના સૌ. ભાવના ખુશાલ મહેશ્વરી નિર્મિત કાર્યક્રમમાં "સખીવૃંદની અદાલત" નાટક રજુ કરાયેલ. એનુ નિર્માણ, નિર્દેશન અને આલેખન ખુબ સુંદર અને ઉત્કૃષ્ટ રીતે થયેલ. નાટકમાં કુલ ૧૯ કલાકારોએ ભાગ લીધેલ. એમાં વર્તમાનનાં પદાધિકારીઓ સભ્યોએ ભાગ લીધેલ. એમાં નૃત્ય નિર્દેશન હીના સાવલા અને મીનલ દંડે કરેલ.

આ કાર્યક્રમમાં કોર્ટ કાર્યવાહીના માધ્યમે સખીવૃંદના માજી પ્રમુખો અને વર્તમાન કમીટીના સભ્યોપર સકારાત્મક આરોપો મુકી તહોમતનામાં ચલાવાયેલ. એથી તેમના કાર્યોની યાદ તાજી થઈ. શેરશાયરીથી સજજ સ્ક્રિપ્ટ, કલાકારોની મૌલિક અદાકારી, સંવાદો, વકિલોની દલીલબાજી ન્યાયાધીશનો ચુકાદો અને આરોપીઓ દ્વારા સુંદરરીતે પેશ કરાયેલ રજુઆત નૃત્ય અને સંગીતે જાણે નાટકમાં હુબહુ પ્રાણ પુર્યા.

Beauty Pageantના શિર્ષકને આગળ વધારતાં આ મહિનામાં વેલન્ટાઇનદિન નિમિત્તે Mrs. Romanticનો ખિતાબ અપાતો કાર્યક્રમ તૈયાર કરાયેલ. જોડીઓ તો સ્વર્ગમાં બનીને આવે છે બસ જોડાય છે ધરતીપર. દંપતીઓનું આ મધુરમિલન સંબંધ પ્રારંભે ખુબજ પ્રગાઢ અને આકર્ષક


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

હોય છે. જેમજેમ સમય વિતતો જાય આ પ્રેમરુપી ભરતીમાં ક્યાંક ઓટ તો નથી આવી જતીને? જે પારખતા રહેવું જરુરી છે. સંતાનોનું આગમન, સાંસારીક જવાબદારીઓ, કુટુંબ વ્યવહાર, રોજીંદા કામ વગેરે કારણોસર પ્રેમ જે હૃદયનાં ખુણામાં કાયમી વસવાટ હોય છે પણ તેનું પ્રગટીકરણ દર્શાવવાની આપની ભુમિકા ચુકી તો નથી જતા ને? જન્મદિન હોય કે લગ્નની વરસગાંઠ કે એવા કોઈ ખાસ દિવસે એકબીજાને પ્રેમની નાનકડી પણ પ્રતિક ભેટ આપી એ પર્વને વિશિષ્ટરુપે ઉજવણી કરવાથી સંબંધોમાં નવી તાજગી આવે છે. આજ હેતુથી અમુક પ્રશ્નો વિચારાતાં અંતે Mrs. Romantic ખિતાબનાં હક્કદાર અમિષા મુનવર રહ્યા. એમને તાજ પહેરાવી નવાજવામાં આવ્યાં. નાનાથી મોટી ઉમરના બધા બહેનોએ એમાં ભાગ લીધો હતો. બધાને ખુબ મજા આવી. વૃંદની બેઠક નીતાબેન અજય દંડનાં ઘરે મળેલ. ગરમીની ઋતુમાં શરબત વગેરે ઠંડાનું ડેમો દર્શાવાયેલ. એના માટેની સમજણ નીતાબેને રજૂ કરેલ. કિવીનું શરબત, મૅંગો સીરપ, પાઈનેપલ, સ્ટૉબેરી, જીરા તેમજ વરિયારી, પેરુ વગેરે વિવિધ શરબતના સ્વાદને માણી નીતાબેને બે અલગ-અલગ ગેમ રમાડેલ. જેમાં ABCD અંગ્રેજી બારાખડીની ગેમમાં ચંદ્રિકા રતાણી અને કિર્તી નાગડા વિજેતા રહ્યા. બીજી ફ્રુટ હાઉઝીમાં મંજુલા નાગડા, વંદના ધરમશી, લીલા નાગડા, નલીની લાપસીયા સફળ રહ્યા. બધાને આ ગમ્મત ખુબ ગમી.

## ભાંડુપમાં વાછરાદાદાની પહેડી

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગૃપ-મુંબઈ દ્વારા સાંઘવના વાછરાદાદાની ૨૧મી સમુહ પહેડી પ્રસાદ તા.૮-૪-૧૨ ભાંડુપ અનંત સિધ્ધિમાં નરશી નાથા સભાગૃહમાં રાખવામાં આવેલ. પહેડી પ્રસાદનો લાભ માતુશ્રી પ્રેમીલાબેન મેઘજી મોતા પરિવાર હસ્તે ટી. એમ. ટી. હોલીડેઝના શ્રી ચેતનભાઈ મોતા (વારાપધર-મુલુન્ડ) એ લીધેલ. પહેડી પ્રસાદમાં સાંઘવવાસીઓ, નિયાણી બહેનો, જ્ઞાતિ અગ્રણીઓ, કાર્યકરો, આમંત્રિત મહેમાનો તેમજ સાંઘવ, મુન્દ્રા ગાંધીધામ, ભુજ, રાજકોટ, અમદાવાદ, વાપી, લોનાવલા, ખંડવા, જલગામ, ખામગામ, રાયપુર, લોકાપુર, બેંગલોર વગેરે સ્થળેથી સારી સંખ્યામાં ભાવિકો પધારેલ. દાદાની ભક્તિની ભાવના શ્રી ઉત્તમ છેડા એન્ડ પાર્ટીના સથવારે રમઝટ જામી. ભક્તિ આરાધના બાદ પહેડી પ્રસાદનો સૌએ લાભ લીધેલ.

## લાલછતા પીરની પહેડી

સાંઘવનાં લાલછતાપીરની પહેડી પ્રસાદ કુકરેજા સંકુલ ભાંડુપમાં રાખવામાં આવેલ. પહેડી પ્રસાદનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઈ નરશી દંડ પરિવાર હસ્તે શ્રીમતી જયાબાઈ લક્ષ્મીચંદ દંડ (ભાંડુપ)એ લીધેલ. સર્વે સાંઘવવાસીઓ, નિયાણી બહેનો, સાંઘવ ખત્રી સમાજ અને પહેડી આમંત્રિતોએ પહેડી પ્રસાદનો સારી સંખ્યામાં લાભ લીધેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન સંઘ-પુના

સંઘ દ્વારા તા.૮-૪-૧૨ના "Tea Time with seniors" આ નામે જ્ઞાતિના વડીલો માટે કાર્યક્રમ યોજાયેલ. જેમાં પુના સંઘના જ્યેષ્ઠ સભ્યો પ્રથમવાર ભેગા થયેલ. કાર્યક્રમ દરમ્યાન વિલ (વસિયતનામું) વિષય પર માહિતી આપવામાં આવેલ. આ કાર્યક્રમની કલ્પના સૌ. હીનાબેન રતાણીએ કરી. જ્ઞાતિના કંપની સેક્રેટરી શ્રી હિરેન નરેન્દ્ર મોમાયા દ્વારા આ બાબતે સહજ અને સરળ સમજ આપવામાં આવી. વસિયતનામાની ઉપયોગિતા, વિલ કેવી રીતે બનાવવું, કઈ બાબતોનું ધ્યાન રાખવું. વગેરે બાબતોની સમજ આપવામાં આવી. શ્રોતાઓએ પણ પ્રશ્નો પુછીને શંકાઓનું સમાધાન કર્યું.

આ ઉપરાંત "મની મેનેજમેંટ એટ સીલ્વર એજ" વિષયે માહિતી આપવામાં આવી . વિમા અને ઇન્વેસ્ટમેંટના અનુભવી સલાહકાર શ્રી વિજય રતિલાલ પીંરિ આ વિષયે માર્ગદર્શન કરેલ. સીનીયર સીટીજન્સ કેપીટલ કે ફાઈનાન્સ માર્કેટમાં ક્યાં અને કેવી રીતે રોકાણ કરી શકે તેના વળતર અને જોખમના શું ખ્યાલ રાખવા, વિવિધ પ્રોડક્ટસમાં રહેલી રોકણની તકો, ફુગાવા વગેરેની રોકાણપર થતી અસર અને એવા સંલગ્ન પાસાઓની વિસ્તૃત છણાવટ કરી શ્રી વિજય પીંરિ બહુમુલ્ય માર્ગદર્શન કર્યું.

આ માહિતીસત્ર પછી સીનીયર સીટીઝન્સ દ્વારા બીજા અનુરૂપ વિષયોની પણ ચર્ચા-વિચારણા થઈ. કાર્યક્રમનું સંચાલન માનદમંત્રી શ્રી મિલન હીરાચંદ પટેલે કર્યું. સીનીયર સીટીઝન્સના માટેના પ્રશ્નોસંબંધી કાર્યક્રમની પરિકલ્પના સૌ. શ્વેતાબેન ડાઘાની હતી. કાર્યક્રમના અંતે અલ્પાહારનો લાભ લઈને સહુ છુટા પડ્યા.

## નાંદેડમાં મહાવીર જન્મ કલ્યાણક ઉજવણી

અત્રે મહાવીર જન્મ કલ્યાણ દિન નિમિત્તે સવારે ૮.૩૦ વાગે દિગંબર જૈન આદીનાથ જિનાલયેથી ભવ્ય


શુભેચ્છા સહ....
શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)
અંબા શીપીંગ એજન્સીઝ
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

વરઘોડો નીકળ્યો. દિગમ્બર, સ્થાનકવાસી અને શ્વેતાંબર મુર્તીપૂજક જૈન સંઘ ત્રણેના શ્રાવક-શ્રાવીકા સાથે જોડાયા. રસ્તામાં સર્વે જિનાલયોના દર્શન કર્યા. ત્યાં ઠંડી લસ્સીથી શ્રી શ્વેતાબર મુર્તીપૂજક જૈન સંઘના યુવાનોને સહુનું સ્વાગત કર્યું. મુથા ચૌકમાં સ્વ. બાલચંદજી મુથાની પ્રતિમાને તે ત્રણે સંપ્રદાયના ટ્રસ્ટીઓએ પુષ્પામાલા અર્પન કરી. ત્યાં શરબતથી સૌનું સ્વાગત થયું. આ પ્રસંગે ૩૦ જણાંએ રક્તદાન કર્યું.

શ્રી મહાવીર સ્તંભ પર પૂ. દિવ્યગુણાશ્રીજી મ.સા.એ મહાવીર સ્વામી જીવનની પ્રેરણા સમજાવી.

અગ્રણી રાજકીય નેતાઓએ શ્રી મહાવીર સ્તંભને પુષ્પચક્ર અર્પણ કર્યું. પૂ. મહારાજ સાહેબે માંગલીક શ્રવણ કરાવેલ. રાત્રે જિનાલયમાં પ્રભુભક્તિ ભાવનામાં રંગત જામી. નાંદેડ આયકોન ચુંટાયા બદલ શ્રી હર્ષદ લાપસીયાનું અભિવાદન કરવામાં આવ્યું.

આયંબીલની ઓળીમાં પૂ. કોટીગુણાશ્રીજી મ.સા. શ્રીપાળ-મયણાનો રાસ વાંચો. ઓળીનો સંપૂર્ણ લાભ સ્વ. વીરચંદ ચાંપશી શીયાળ હસ્તે શ્રીમતી કસ્તૂરીબેન શીયાળે લીધેલ. આયંબીલવાડીમાં સૌ. મીનાબેન લોડાયા, સૌ. શીલાબેન શાહ, સૌ. પુર્ણીમાંબેન નાગડા, કાશ્મીરા મોતા તથા અન્ય બેનોએ સેવા આપેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-અમલનેર

તા.૨૧-૩-૧૨ના પૂ.મુનિશ્રી ચારિત્રરત્નસાગરજી (બાપા મહારાજ)ની બીજી પૂણ્યતીથી નિમિતે સૌ. દેવિકાબેન સોમચંદ લાલકાના નિવાસસ્થાને સમુહ સામાઈક રાખવામાં આવેલ અને જાપ કરવામાં આવેલ. તેમના પરિવાર તરફથી પ્રભાવના હતી.

તા.૨૬-૩-૧૨ના પૂ.સા.શ્રી વિજયપુર્ણાશ્રીજી આ.ઠા.૩ પધારતા વ્યાખ્યાન વાણીનો સંઘને લાભ મળેલ.

તા.૨૭-૩-૧૨ના સૌ. સીમા હરીશ લોડાયાના ઘરે મહાકાળી માતાજીની ભાવના ભણાવાઈ જેમાં બહેનોએ સારી રમઝટ જમાવેલ. પ્રસાદનો લાભ લઈ સૌ છુટા પડેલ. તા.૨૮-૩-૧૨ના પૂ.મુની શ્રીધર્મપ્રભસાગર મ.સા.આ.ઠા.૩ પધારતાં સંઘને વ્યાખ્યાનવાણીનો લાભ મળેલ.

તા.૬-૪-૧૨ને ચૈત્રી પુનમના શ્રી યતિન પ્રતાપ ખોનાના નિવાસસ્થાને સંઘની બહેનો સામુહીક સામાઈક રાખેલ. સામાઈકમાં સિધ્ધાચલની ભાવયાત્રા થઈ. શ્રી યતીનભાઈના પરિવાર તરફથી પ્રભાવના થયેલ.

## મોડપર તીર્થ વિકાસયાત્રા સમારોહ

વતન હાલારમાં ૪૦૦ વર્ષ પ્રાચીન સુપાર્શ્વનાથ શ્વે. મુર્તિપુજક તીર્થ મોડપુરના જિર્ણોધ્ધાર-પુનર્નિમાણ અર્થે વિકાસયાત્રા સમારોહ તા.૮-૪-૧૨નાં મુંબઈ-મુલુન્ડમાં કાલીદાસ સભાગૃહમાં પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા.ની નિશ્રામાં અને ચતુર્વિધ સંઘનાં સૌભાગ્યમાં પૂ.દાદાગુરૂદેવ કલ્યાણસાગરસુરીજીની પ્રેરણાએ નિર્મિત પ્રતિષ્ઠિત અને પૂ.દાદાગુરૂદેવ ગૌતમસાગરસૂરીજીની પ્રેરણાએ જિર્ણોધ્ધારીત તીર્થના પુનર્વિકાસ-નવનિર્માણાર્થે કાર્યક્રમ યોજાયેલ. જેમાં પૂજ્યશ્રીની પ્રેરણાએ ત્યાં તીર્થમાં નૂતન ઉપાશ્રય, અતિથીગૃહ અને ભોજનાલય આદિ સુવિધાઓ કરવા સાધારણ ફંડ યોજના આરંભાઈ.

પૂજ્યશ્રીએ પ્રારંભે માંગલિક શ્રવણ કરાવી તીર્થનો મહિમા, જિર્ણોધ્ધાર, ઇતિહાસ અને ત્યાં આપણાં ગચ્છનાં ઋણાનુબંધને વિગતવાર વર્ણવી તીર્થોધ્ધાર માટે પ્રેરણા-માર્ગદર્શન કરેલ. ટ્રસ્ટનાં યુવા સુકાની શ્રી પંકજ કેશવજી ધરમશીએ આવકાર પ્રવચન કરી તીર્થની પ્રગતિનો અહેવાલ આપેલ.

સમારોહના અધ્યક્ષસ્થાને મુંબઈ મહાજન પ્રમુખ શ્રી નયન અશોક ભેદા હતા અને ગચ્છમાં ચારે ફિરકાનાં અનેક માન્યવર અગ્રણીઓ પધારેલ. તીર્થના યુવા ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ અને કાર્યકરોએ જહેમત લઈ તીર્થ ઉધ્ધારનું કાર્ય પ્રગતિભેર પુર્ણતાનાં આરે લાવ્યું છે. તીર્થ માટે જિનાલય નિર્માણ માટે આણંદજી કલ્યાણજીની પેઢી, શંખેશ્વર તીર્થ, મુલુન્ડ સંઘ આદિ સંસ્થાઓએ દેવદ્રવ્ય રકમ ફાળવી સહયોગ આપ્યો છે.

હવે તીર્થમાં પ્રાથમિક સુવિધાઓ સ્થાપવા સાધારણ ખાતાનાં ફંડ માટે ટહેલ નાખતા દાતાશ્રેષ્ઠીઓએ ઉમળકાભેર અપીલને વધાવીને સહયોગ આપ્યો છે. પૂજ્યશ્રીએ તીર્થની દાનપત્ર યોજનામાં રૂા.૭૭૭૭/-નાં એક કુપનની યોજના જાહેર કરી છે જેને પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે. શ્રી રાયચંદ હંસરાજ ધરમશી, શ્રી તિલોકચંદ નરશી જેઠાભાઈ દંડ પરિવાર, શ્રી ભુપેન્દ્ર મુરજી દંડ, શ્રી નયન અશોક ભેદા અને અનેક ભાવિકોએ સાધારણ ફંડમાં નોંધનીય ફાળો નોંધાવેલ. ઘણાં જ્ઞાતિજનોએ કુપનો લખાવ્યા.

દાનગંગા માટે શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને સાથીઓએ હાર્દિક અપીલ કરી. જિર્ણોધ્ધાર મહિમા સમજાવી ભાવિકોને લાભ લેવા જણાવેલ. આ પ્રસંગે તીર્થની વિકાસયાત્રાની ડોક્યુમેન્ટરી ફિલ્મ દર્શાવાઈ. શ્રી નરેન્દ્રભાઈ નંદુ નિર્મિત અને આપણાં યુવા કલાકારો દ્વારા શ્રી વિમલમંત્રીના જીવન આધારીત "આરસ કે વારસ?" લઘુ નાટિકા રજુ કરાઈ.

મંચપર ટ્રસ્ટવતીથી માનવંતા મહેમાનો, દાતાઓનું સન્માન કરાયેલ. આભારદર્શન શ્રી અશોક મણિલાલ દંડે કરેલ. આ કાર્યક્રમ બાદ સંઘ સ્વામીવાત્સલ્ય જમણ હતું.

## સમુહ વિરતી સાધના અનુષ્ઠાન

પૂ.આ.શ્રી. કલાપ્રભસાગરસુરીજીની પ્રેરણાએ સમગ્ર અચલગચ્છ સંઘોમાં પૂ.આ.શ્રી. ગુણસાગરસુરીજીની જન્મ શાતબ્દિ અને પૂ. આર્યરક્ષિતસુરીની નવમ શતાબ્દિ નિમિતે વિવિધ પ્રકારે ધર્મઆરાધના કાર્યક્રમો થઈ રહ્યા છે.

પૂજ્યશ્રીની પ્રેરણાએ તા.૧૪-૪-૧૨નાં ઘાટકોપરમાં સર્વોદય હોલમાં સમુહ વિરતી સાધના -દેશાવગાસિક સામાયિક રહેલ. વિવિધ સંઘોએ એમાં ભાગ લઈ ધર્મ જાગૃતિ અને અભિરૂચિ કેળવી. અચલગચ્છની ચતુર્વિધ પાંખે વિવિધ સંઘોમાં જિનેન્દ્રભક્તિ કાર્યક્રમો ઉજવાઈ રહ્યા છે. પૂજ્યશ્રીનું સંયમ હિરક વર્ષ અને પૂ. કલાપ્રભસાગરસુરીનું રજતસુરીપદ વર્ષ નિમિતે સંઘોમાં અનેરા ઉત્સાહે ધર્મ આરાધના સંભારણાં અનુમોદના કાર્યક્રમો થઈ રહ્યા છે.

## કચ્છી મહિલા ફેડરેશનનાં કાર્યક્રમો

કચ્છી મહિલા ફેડરેશનના ઉપક્રમે નવનીત પબ્લીકેશનના સહયોગે કચ્છીભાષાના સંવર્ધન માટે અને નવી પેઢીને માતૃભાષા પ્રત્યે રસરૂચિ કેળવાય તે હેતુસર બાળકો માટે કચ્છી સાહિત્યનો કાર્યક્રમ તા.૨૩-૪નાં નપુ હોલ માટુંગામાં યોજાયો છે. બાળકોને જ્ઞાનવિકાસ અને બ્રેઈન મેપીંગ, માઈન્ડ એનર્જી, મેમરી સુધારો કાર્યક્રમ બાળકો અને વાલીઓ માટે કાર્યક્રમ તા.૨૫-૪નાં બપોરે ૨.૩૦ કલાકે ચીંચપોકલી ક.વિ.ઓ. મહાજનવાડીમાં નિષ્ણાત ડોક્ટરોના સથવારે યોજાયેલ છે.

## માટુંગા (BB)માં શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિષ્ઠા

માટુંગા (BB) અચલગચ્છ સંઘનાં ઉપક્રમે ગૃહજિનાલયમાં જીરાવલ્લા પાર્શ્વનાથ દરબારે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા તા.૧૪ થી ૧૬ એપ્રીલ૧૨ના ત્ર્યાન્હિકા મહોત્સવમાં પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા.ની નિશ્રામાં થશે. પૂજ્યશ્રીની નિશ્રામાં જ ૨૩ વર્ષ પુર્વે ત્યાં પ્રથમ પ્રતિષ્ઠા થયેલ.

દાદાગુરૂદેવની નવમ શતાબ્દિ અને સંઘસ્થાપક પૂ.આ.ગુણસાગરસુરીની જન્મ શતાબ્દિ અને ૭૫મી દિક્ષાતિથી નિમિતે મહોત્સવ ઉજવાઈ રહ્યું છે.

## જખૌ તીર્થે મહાવીર જન્મ કલ્યાણક ઉજવણી

જખૌ તીર્થે મુળનાયક શ્રી મહાવીર સ્વામીના જન્મ કલ્યાણક ઉજવણી ભવ્યરીતે કરવામાં આવી. જેમાં લગભગ ૫૦થી ૬૦ જણાં મુંબઈ દેશાવળથી પધારેલ. જયાં મહાજન પ્રમુખ શ્રી ભરત જીવાણી, ટ્રસ્ટી શ્રી ચેતન મુનવર, સભ્યો શ્રી હિરાચંદ શિયાડ તથા અન્યોએ હાજરી આપી હતી. બપોરે સંઘજમણ શ્રી સોમચંદ લખમશી નાગડા (જખૌ-હૈદ્રાબાદ) તરફથી હતું. દરેકનું રૂા.૨૦૦થી સંઘપૂજન કરવામાં આવેલ. મહાવીર જયંતિ પ્રસંગે જખૌવાસીઓ મળી ૧૦૩ જણાંએ લાભ લીધેલ. આ ઉજવણી પ્રસંગે સારી હાજરી થતાં. ગામજનોમાં સારો ઉત્સાહ વધ્યો. આગામી પર્યુષણ પર્વ ધામધુમથી ઉજવવા મહાજન અને ટ્રસ્ટબોર્ડ તરફથી તૈયારી ચાલે છે. જખૌવાસીઓને વતનમાં પધારવા આમંત્રણ છે. નવી ટીમની ઉત્સાહી તૈયારીથી જખૌવાસીઓમાં જાગૃતિ આવી છે. ચૈત્રી પૂનમ નિમીતે પધારેલ મોમાયા પરિવાર તરફથી સંઘજમણ રાખવામાં આવેલ. જેમાં ૧૭૦ જણાંએ લાભ લીધેલ. મહાવીર જયંતિ નિમિતે વિવિધ કાર્યક્રમો અને આરાધના થઈ હતી.

## શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ

જખૌ પાંજરાપોળ માટેના દાનની રકમ મુંબઈમાં જખૌ મહાજનનાં કાર્યાલયે સ્વીકારાશે. આ પહેલાં પાંજરાપોળના માનદ્ પ્રતિનિધિરૂપે શ્રી મહેન્દ્ર દેવજી ખોનાએ સેવા આપેલ.

## શ્રીજી ઇંગ્લિશ મિડિયમ સ્કૂલ-ધુલિયા

શાળામાં તા.૪-૪-૨૦૧૨ના મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સંસ્થાના અધ્યક્ષ શ્રી મોતીસાગરજી મ.સાના આશિર્વાદ મળ્યા. ચેરમન શ્રી તિલોકચંદ નરસીભાઈ દંડ (મલકાપૂર) તરફથી શુભેચ્છા સંદેશ આવેલ. સેક્રેટરી શ્રી ચંદ્રકાંતભાઈ શાહ, મહાજનના પ્રમુખ શ્રી વસંતભાઈ ઠાકરશી ગોસર, સૌ. નિતાબેન, શ્રી તરુણ ગોસર, સૌ. કલ્પનાબેન પ્રદિપ શાહ તથા વિદ્યાર્થિની કુ. નિધી ચૌધરીના વાલીઓ શ્રી નિલેશભાઈ પારેખ, સૌ. કુસુમબેન પારેખ ઉપસ્થિત હતા.

પ્રાયમરી વિભાગના પ્રિન્સિપલ સૌ. રજનિતકોરે ઉપસ્થિતોનો પરિચય કરાવ્યો, ગુજરાથી સરે સ્વાગત કર્યુ. સેકંડરી વિભાગના પ્રિન્સિપલ શ્રી રમેશ ગુજરાથીએ સંબોધન કરી મહાવીરની બાળપણની કથાઓ તથા તેમના સિધ્ધાંતો અને સમ્યક જ્ઞાન, દર્શન, ચારિત્ર્યની સમજ આપી.

ઉપસ્થિત ૪૩૦ બાળકોને સ્કુલ તરફથી લાડુ અને સેવના પૅકેટ અપાયેલ. કુ. નિધી ચૌધરીના પરિવારે વિદ્યાર્થીઓને કેડબરી આપી નિધિનો જન્મદિન ઉજવ્યો. શાળાના ૪૦ જણાંનાં સ્ટાફને બોલપેન અને ચોકલેટ આપી સત્કાર કરેલ. શિક્ષિકા સયદાએ કાર્યક્રમ સૂત્રસંચાલન અને આભારદર્શન કરેલ.

## પાલીતાણામાં ચાતુર્માસ અને ઉપધાનતપ આરાધના

શત્રુંજય તીર્થે ચાતુર્માસ તથા ઉપધાન તપની આરાધના પૂ.સા.શ્રી વિજય જિનચંદ્રસુરીજી વિજય સંયમરત્નસુરીજી અને વિજયયોગતિલકસુરીજી આ.ઠા.ની નિશ્રામાં આયોજન થશે. તા.૨૯-૬ના પૂજ્યશ્રીનો પ્રવેશ થશે. ઉપધાન તપ માટે ૨૪-૧૦ અને ૨૬-૧૦નાં પ્રવેશ છે. તા.૧૨-૧૨નાં માળારોપણ છે. નંદપ્રભા અને મહારાષ્ટ્ર ભુવન ધર્મશાળા આદિ સ્થળોએ વ્યવસ્થા રહેશે.

આ સમગ્ર આયોજનનો લાભ માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપરગઢ) એ લીધેલ છે.

## વરલીમાં જૈન ધર્મદર્શન પ્રવચનમાળા

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટના ઉપક્રમે તા.૨૫-૪-૧૨ના બપોરે ૧૨થી ૫માં શ્રી અચલગચ્છ જૈન ઉપાશ્રય, પહેલે માળે, પંકજ મેન્સન સી બિલ્ડીંગ, પોદાર હોસ્પિટલની સામે, ડૉ એની બેસેન્ટ રોડ, વરલીનાકા ખાતે જૈન ધર્મના મૂળભુત સિધ્ધાંતો, વિશેષતા અને જૈનધર્મ શા માટે સર્વશ્રેષ્ઠ છે તેની સમજણ આપતું પ્રવચન પ્રો. શ્રીમતી નિર્મલા જૈન (જૈનોલોજી યુનીવર્સીટી-મદ્રાસ) આપશે. આદીનાથ જૈન ટ્રસ્ટ-ચુલૈ ચેન્નઈ દ્વારા ઘેર બેઠાં જૈન ધર્મનો અભ્યાસ સર્ટીફીકેટ સાથે તેની પણ સમજણ નિર્મલાબેન આપશે. દરેક જૈન ભાઈઓ-બહેનો તથા બાળકોને વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે. કાર્યક્રમ બાદ અલ્પહારની વ્યવસ્થા છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ફોનથી નોંધણી કરાવવી જરૂરી છે. સંપર્ક : અજય શાહ-૯૮૯૨૩૭૨૭૭૭

## નાગપુરમાં મહાકાળી માતાની ભાવના

તા.૨૯ ફેબ્રુઆરીના દર આઠમનાં થતી મહાકાલી ભાવના શ્રી મેઘજી ભાણજી પોલડિયાના ઘરે એમની પોત્રીની સગાઈની ખુશીમાં યોજાયેલ. જ્ઞાતિજનો ઉપરાંત ઇતર સમાજની બહેનો પણ બહોળી સંખ્યામાં ભાવનામાં પધારેલ. પ્રસાદ, અલ્પાહાર તથા ઠંડા દુધનો લાભ લઈને સહુ છુટા પડ્યા. તા.૩૦ માર્ચની ભાવના શ્રી પદમશી નરપાર પટેલના ઘરે રાખવામાં આવેલ. બહેનોએ ભાવનામાં રમઝટ જમાવી હતી. પ્રસાદ, અલ્પાહારનો લાભ લઈને સહુ છુટા પડ્યા.

## ક.દ.ઓ. જૈન મહિલા મંચ-નાગપૂર

મચંની સભા સૌ. જયશ્રી સુરેન્દ્ર પટેલના ઘરે મળેલ. મંચની નવા વર્ષની ફી જમા કરવામાં આવી. મહાવીર જયંતિ નિમિત્તે જીવદયા ફંડ જમા કરવામાં આવેલ. અલ્પાહારનો લાભ લઈને સહુ છુટા પડ્યા.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-અમદાવાદ

આ વર્ષે ચૈત્રી બીજ નિમિતે શ્રી મહાકાળી માતાજીની ભાવના તથા ધણીબાવા તથા ભલારાદાદાના પાઠનું આયોજન તા.૨૫-૩-૧૨ના થયેલ. આ કાર્યક્રમનો લાભ માતુશ્રી લક્ષ્મીબેન મુરજી લાલકા પરિવાર તથા માતુશ્રી લક્ષ્મીબેન મણીલાલ ખોના (હ. પંકજભાઈ) પરિવારે લીધેલ.

સમસ્ત જ્ઞાતિ મહાજનના સેક્રેટરી જનરલ શ્રી ચીમનભાઈ મોતા, ટ્રસ્ટઓ શ્રી લક્ષ્મીચંદભાઈ પોલડીયા તથા શ્રી નિલેશભાઈ પોલડીયા ઉપસ્થિત રહેલ. તેમણે સમસ્ત મહાજન વિશે સંપુર્ણ માહિતી આપેલ અને સભામાં જ્ઞાતિપ્રશ્નોની ચર્ચા થઈ.

આ પ્રસંગે કુ. કિર્તિ સુરેશ સોની (સુથરી)ને સોલીસીટરની પદવી પ્રાપ્ત કરવા બદલ અને કુ. પન્ના નીતીન મોમાયા (તેરા)ને પોલીસ વિભાગમાં DYSP તરીકે નિમણુંક બદલ મોમેન્ટો અર્પણ કરી બહુમાન કરવામાં આવેલ.

તાજેતરમાં યોજયેલ અમદાવાદ મોટર ટ્રાન્સપોર્ટ એસોસિયેશનમાં જ્ઞાતિના શ્રી કિશોર મુરજી લાલકા ભારે બહુમતીથી ચુંટાઈ આવેલ છે. હાર્દિક અભિનંદન.

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ

સમાજના ઉપક્રમે ૫૦મા વર્ષમાં પ્રવેશ નિમિતે સુવર્ણજયંતિ સમારોહ તા.૧૪-૪-૧૨નાં અમદાવાદમાં ઉજવાયો એ નિમિતે કાર્યક્રમમાં સવારે ૯ વાગે સીનીયર સીટીઝન હોમ "મંજુલ-હરખધામ"નું દીપ પ્રાગટ્ય, ૧૧ વાગે કચ્છ સંસ્કૃતિ મ્યુઝીયમનું શાહીબાગ વિશ્રામગૃહ ખાતે ઉદ્‌ઘાટન, બપોરે ૩ વાગે સુવર્ણજયંતિ સમારોહ ટાઉનહોલમાં અને રાત્રે જયશંકરસુંદરી હોલમાં મનોરંજન કાર્યક્રમ ગોઠવાયેલ. આ પ્રસંગે વિશિષ્ટ કચ્છી પ્રતિભાઓનું સન્માન કરવામાં આવેલ.

ઉજવણી નિમિતે મુંબઈ-દેશાવળથી મહાનુભાવો અને સમાજ અગ્રણીઓ, દાતાઓ પધારેલ. મુંબઈ મહાજન પ્રમુખ શ્રી નયનભાઈ ભેદા સમારોહનાં અતિથીવિશેષશ્રીઓ પૈકી એક હતા.

## હુબલીમાં આયંબીલની આરાધના

પ્રવનચ પ્રભાવક મુનિ દેવરત્નસાગરજી આ.ઠા.ની નિશ્રામાં હુબલીમાં આયંબીલ ઓળીનો રંગ જામ્યો. સુરિગુણ શતાબ્દિ નિમિતે દરરોજ ૫૦૦ થી ૬૦૦ આયંબિલ થતા નવદિવસમાં ૧૦૦ ઓળીના ૫૦૫૦ આયંબિલનો ઉત્સાહ જોવા મળ્યો. દરરોજ હિંદીમાં જાહેર વ્યાખ્યાનમાં ભાવિકોએ લાભ લીધો. સવા કરોડ જાપ અનુષ્ઠાન આરંભાયો. નવ લાખ નવકાર પોથી પ્રકાશિત થઈ. તા.૧૧નાં હર્ષ દેઢિયા

દ્વારા નવકાર જાપ થયા. સાધર્મિક વાત્સલ્ય હતું. પૂજ્યશ્રી તા.૧૩-૧૪ના હાવેરી, રાણીબેન્નુર થઈ દાવણગેરી પધારશે જ્યાં વરસીતપનાં પારણાં છે.

## પાલીમાં પૂ. મુનિ સર્વોદયસાગરજી આ.ઠા.

રાજસ્થાન પાલીમાં પૂ. મુનિ સર્વોદયસાગરજી આ.ઠા.ની નિશ્રામાં મહાવીર જન્મકલ્યાણકની ભવ્ય ઉજવણી થઈ. પૂજ્યશ્રીની પ્રેરણાએ સર્વે જૈન સંપ્રદાયોની એકતા રચાઈ અને ભવ્યાતિભવ્ય વરઘોડો નીકળ્યો. પૂજ્યશ્રી દ્વારા માતૃભક્ત મહાવીર વિષયે જાહેર વ્યાખ્યાનમાં બારેક હજારની જનમેદની થઈ. સેંકડોના જીવનમાં માતા-પિતાનાં મહત્વ વિષે પ્રેરણા થઈ. આ પ્રસંગે સમુહ સ્વામીવાત્સલ્ય હતું.

રાજસ્થાનમાં અચલગચ્છનો ડંકો ગજાવી પૂજ્યશ્રી વિહાર કરતા તા.૧ જુલાઈનાં ગિરનાર પધારશે.

## ભાંડુપમાં ધર્મઆરાધના

ભાંડુપમાં ક્ષેત્રપાળનું મંદિર જિનાલય પરિસરમાં હોઈ અનેક ભાવિકો શ્રધ્ધા ભાવે નમે છે અને ભંડારો છલકાવે છે. રાબેતા મુજબ શ્રી સંઘના ભક્તોએ ધામધૂમથી ક્ષેત્રપાળદાદાની ૨૧મી સામુહિક પહેડી કરતાં સંખ્યાબંધ ભક્તોએ પ્રસાદનો લાભ લીધો સંઘના યુવાનોએ વ્યવસ્થા સંભાળી. દેવળની સફાઈ કરી. "ક્ષેત્રપાળ દાદા આંજી આરતી ઉતાર્યું" ગાતાં દાદાના ભુવાશ્રી મહેશ હંસરાજ દંડ તથા શ્રી દિનેશ વિસનજી દંડે શુભેચ્છા ભાવ પ્રગટ કર્યો.

ગોડીજી પાર્શ્વનાથ દાદાની ૨૦૦મી સાલગીરીએ લાભાર્થી પરિવારોએ મોકલાવેલ મીઠાઈ સંઘના કાર્યકરોએ ૨૪૧ ઘરે-ઘરે જઈને આપેલ.

પૂ.સા.શ્રી વિશ્વપ્રભાશ્રીજીના કાળધર્મ નિમિતે સામુહિક જાપ, જીવદયા વગેરે કાર્યો કરી શ્રધ્ધાંજલી અર્પી.

પૂ.સા.શ્રી વિશ્વલતાશ્રીજી મ.સા.આ.ઠા.૪ નિશ્રાએ મહાજનશ્રી યોજીત ચૈત્ર માસની ઓળીનો લાભ સૌ. માતુશ્રી કાંતાબેન મુરજી રાઘવજી લોડાયા (સાંઘવ) લીધો.

ઓળી દરમ્યાન રાઈ-દેવસી સામાયિક તેમજ નવ પદ ઉપર પૂ.સા.શ્રી કલ્પપ્રીયાશ્રીજી મ.સા.એ સમજ આપી. પૂ.સા.શ્રી અનંતકિર્તીશ્રીજી મ.સા.એ શ્રીપાલ-મયણાના રાસ સાથે પર્વનો મહિમા અને રાસની વિશેષતાએ સૌને માર્ગદર્શન આપ્યું. નિત્ય ૩૫થી૪૦ આરાધકો રહ્યા. ૩૭ જણે સંપૂર્ણ ઓળી કરતાં લગભગ ૪૧૦ થી ઉપર આયંબીલ થયા અને જુદા જુદા ભાવિકો તરફથી સંઘપૂજન થયા.

અવારનવાર લાભાર્થી મા. કાંતાબેન દંડ દાદરથી પધારી પીરસી શાંતા પૃચ્છા કરતા. પૂર્ણાહૂતીએ પણ પધારી પારણાંદિને પ્રભાવના કરી. મુંબઈ મહાજન તેમજ શ્રી ભાંડુપ સંઘે તેમની અનુમોદના કરી બહુમાન કર્યું. મહિલા વિભાગનાં મધુબેન ડાઘા, ઈલાબેન ખોના, શોભનાબેન મોમાયા, કસ્તુરીબેન લોડાયા, કુ. મીતલ લોડાયા, અનીતાબેન પટેલ, વાલબાઈમાં, કુ. પ્રીયલ કુ. ફોરમ, કુ. યક્ષા તારાબેન નાગડા, વગેરેએ વ્યવસ્થા સંભાળી યોગદાન આપ્યું.

ચૈત્ર શુદ તેરસના ભાંડુપના નવ સંઘો સાથે મળી મહાવીર જન્મકલ્યાણક મહોત્સવની ઉજવણી કરી. ભટ્ટીપાડાથી શોભાયાત્રા શરૂ થઈ, ભાંડુપના રાજમાર્ગોથી શોભાયાત્રા શેઠ શ્રી નરશી નાથા હોલમાં આવતાં આદીનાથ દરબારે દર્શન કરી સભામાં ફેરવાઈ ગઈ.

મહાવીરના જીવન ઉપર પૂ. ગુરૂદેવે વિશેષ પ્રકાશ પાડી ભાંડૂપના સંઘોની એકતાની અનુમોદના કરી. વિવિધ સંઘોના લાભાર્થીઓનું બહુમાન થયું. આવતા વરસ માટેનો ફાળો નોંધાઈ ગયો. અનંતનાથ ટ્રસ્ટે પણ સુંદર સહયોગ આપ્યો.

હોલમાં લગભગ ૨૪૦૦ શ્રાવકોએ સ્વામીભક્તિનો લાભ આપ્યો. સંઘના કાર્યકરોએ વ્યવસ્થા જાળવી રાત્રે નવકારમંત્ર આરાધક શ્રી જયંત રાહી દ્વારા વીર વંદના કાર્યક્રમ હર્ષોલ્લાસે થતાં હોલ છલકાયો. રાહી અને તેઓશ્રીના શિષ્યો હાજર રહી સૌને ભાવભક્તિએ ભીંજવ્યા.

ચૈત્રી પૂનમે સિધ્ધાચલ વંદના પૂ.સા.શ્રી વિશ્વલતાશ્રીએ કરાવતાં ૧૨૫થી ઉપરની સંખ્યાએ લાભ લીધો. મનીલ કમલેશ લાપશીયાએ યાત્રાની પૂર્ણાહૂતીએ ભાથાનો લાભ લીધો. સાંજે પ્રતિક્રમણમાં દરેકને રૂા.૨૫ની પ્રભાવના અપાઈ.

પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીજી મ.સા. શનીવારના પધારતાં બંને સંઘોએ સ્વાગત કર્યું. પૂ. ગુરૂદેવે મોડપૂર તીર્થ કાર્યક્રમ તેમજ અન્ય ધાર્મિક આરાધનાના કાર્યક્રમોની સમજ આપી.

## શ્રી પ્રબોધ મુનવરને ગુજરાત સરકાર દ્વારા એવોર્ડ

જાણીતા સામાજિક કાર્યકર અને માનવજ્યોત-ભુજના પ્રમુખ શ્રી પ્રબોધ હીરાચંદ મુનવર (કોઠારા-ભુજ)ને સાહસ, શૌર્ય, સેવા, જાહેર સુખાકારી અને તબીબીક્ષેત્ર વિશિષ્ટ કામગીરી કરવા બદલ ગુજરાત સરકારના યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ તરફથી પ્રતિષ્ઠિત એવોર્ડ માટે પસંદગી કરાઈ છે.

સેવાકીય પ્રવૃતિઓ માટેનો આ એવોર્ડ તા.૧૫-૪-૧૨નાં સાંજે અમદાવાદમાં યોજાયેલ એક ખાસ જાહેર કાર્યક્રમમાં બહુમાનપુર્વક એનાયત થશે.

કચ્છ એકમનાં કાર્યકર શ્રી પ્રબોધ મુનવર વર્ષોથી અંધ, અપંગ, વિકલાંગ, નિરાધાર, માનસિક અસ્થિર અને ભટકેલાની સેવાચાકરી કરે છે અને ગરીબ, અસહાય, વૃધ્ધોની સેવા અને પછાત બાળકોને શિક્ષણ પ્રદાન માટે સેવા પ્રવૃતિ કરે છે. વિશેષતઃ તેમનું જીવદયા પ્રવૃતિ, ગરીબોને ભોજન, જરૂરતમંદને તબીબી સેવા આદિ પ્રવૃતિઓમાં શ્રેષ્ઠ કામગીરીનું યોગદાન છે. સેવાકીય પ્રવૃતિઓની નોંધ લઈ રાજ્ય સરકારે આ પ્રશસ્તિ એવોર્ડની પસદંગી કરી છે. આ જ્ઞાતિગૌરવ બદલ હાર્દિક અભિનંદન.

## વડોદરામાં અતિથીભવન અને વિદ્યાર્થીભવન

વડોદરા શહેરમાં સ્ટેશનથી ૨ કી.મી.ના અંતરે નવું બાંધકામ, આધુનિક, સગવડ સાથે સુપર ડીલક્ષ એ.સી./નોન એ.સી. રૂમો, ડોરમેટરી, જૈન ભોજનશાળા સહ અદ્યતન અતિથીગૃહ છે. તેની નજીકમાં દેરાસર છે. આ ઉપરાંત બહારથી અભ્યાસાર્થે પધારતા વિદ્યાર્થીઓ માટે બાજુમાં ભોજનશાળા સુવિધા સાથે વિદ્યાર્થીભવન છે. વહેલો તે પહેલોના ધોરણે છાત્રોને પ્રવેશ મળશે. સંપર્ક : શ્રી અચલગચ્છ જૈન ભવન, પ્રતાપ રોડ, ભાલેરાવ ટેકરા, રાવપુરા, વડોદરા. ફોન (0265)2432858, 2417448

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ-ચાલીસગામ

પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત અને પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શને ટ્રસ્ટની પ્રવૃત્તિઓ સારી રીતે ચાલે છે. ચાલીસગામમાં દર બુધવારે ગરીબોને ભોજન કરાવવાનું કાર્ય ચાલુ છે. તેમાં કાયમિતિથીના દાતાઓ : ડુંગરશી ધનજી દંડ-હુબલી, મોતીચંદ મણશી દંડ (ડોંબીવલી), પૂર્ણીમાબેન પદમકુમાર નાગડા-હુબલી, રાયચંદ હીરજી ખોના-ઈંદોર-સાંધવ, કનકકુમાર દોશી (ચાલીસગામ), અને દૈનિક નકરા માટે નરેન્દ્ર હંસરાજ મોમાયા (જલગામ), હેતવી જતીન નાગડા (પુના), તારાબાઈ કાંતિલાલ નાગડા (જખૌ), મુકુંદ શાહ (નાંદગામ), રમાબેન ગોવિંદજી દંડ (નાંદગાવ) વધુ માટે સંપર્ક : સૌ. નિલમ દલેશ મોમાયા-ચાલીસગામ ફોન (૦૨૫૮૯) ૨૨૨૩૨૯

## મુંબઈ અને થાણા જીલ્લામાં રાહતદરે નોટબુક વિતરણ

શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજન-મુંબઈના ઉપક્રમે ઘાટકોપર ગ્રુપ દ્વારા સમગ્ર મુંબઈ અને થાણા જીલ્લાનાં પરિસરમાં કચ્છી જૈન વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ ક્વોલીટીની લોંગબુકોનું વિતરણ તા.૧૫-૪-૧૨નાં સારી રાહતનાં દરે છાત્રોના પરીણામપત્રકના આધારે કરવામાં આવ્યું. આ શિક્ષણ સહાયતાર્થે દાનવીરો પૈકી માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર અને માતુશ્રી જયાબેન પદમશી મૈશેરી પરિવારે પણ યોગદાન આપેલ છે.

## ચાલને ક્યાંક દૂર....આકાશ

ઓ મારા અલબેલા આકાશ...
ઓ મારા અદકેરા આકાશ...
ચાલ, ક્યાંક દૂર ચાલી નીકળીએ...!
એન્જિનિયરો અને આર્કિટેક્ટો
સિમેન્ટ -કૉંક્રિટના અતિક્રમણના
ચોકઠામાં તને ગોઠવી દે તે પહેલાં
ચાલક્યાંક દૂર ચાલી નીકળીએ...!
માનવીઓ અને વાહનો
એના અવિરત કોલાહલથી
તારી શાંતિને હણી દે તે પહેલાં
ચાલ, ક્યાંક દૂર ચાલી નીકળીએ...!
મિલો અને કારખાનાના
સતત ઓકતા ધૂમાડાના ધુંગળાઓ
તારી સુંદરતાને પ્રદુષિત કરી દે તે પહેલાં
ચાલ, ક્યાંક દૂર ચાલી નીકળીએ...!
મિસાઈલો અને અવકાશયાનો
અવિરત વધતી ઈજારાશાહીમાં
તારી અનુપમ આભાને અભડાવી દે તે પહેલાં
ચાલ, ક્યાંક દૂર ચાલી નીકળીએ...!
દંભી અને મતલબી
આ દુન્યવી દુનિયાના સ્વાર્થી સંબંધો
તારી પરોપકારીતાને ખરડી દે તે પહેલાં
ચાલ, ક્યાંક દૂર ચાલી નીકળીએ...!
પ્રેમના અમીને પાંખોમાં સજાવી
સ્નેહના મેઘને આંખોમાં વસાવી
ચાલને આકાશ...
ક્યાંક દૂર... ખૂબ દૂર.. ચાલી નીકળીએ...!

*- જ્ઞાનેશ લાપસીયા (મુલુન્ડ)*

## કાવ્ય પ્રકાશ : સ્મૃતિ

રાતને અંધારે એકલી એકલી
ઊદાસ થઈને રડતી સ્મૃતિ
અતીતના વગડામાં ભટકી
અટવાતી અથડાતી સ્મૃતિ
મનની ઉંડી કંદરાઓમાં,
પંખી થઈને ઊડતી સ્મૃતિ,
દર્દના થીજી ગયેલા ગીતને,
ગાતી ગાતી ગુંજતી સ્મૃતિ.
આજના ખંડિત દર્પણમાં,
ગૈ કાલને જોયા કરતી સ્મૃતિ.
વણકહી વાતોના ફૂલોને,
આંસુથી શણગારતી સ્મૃતિ.

*- પરેશ નાગડા (ઘાટકોપર)*

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **હીરેન જયંતીલાલ ધરમશી** | ૨૦૧, ઓલીવ નેપચ્યુન કલર સ્કેપ, ચેકનાકા બસડીપોપાસે, L.B.S.માર્ગ, મુલુન્ડ (વે), મુંબઈ ફોનઃ 25914194 |
| **મેહુલ ખુશાલચંદ ધરમશી** | ૭૧૦, પ્રોગ્રેસીવ હાયનેસ, પ્લોટ ૫-૬, સેક્ટર ૧૬એ, સાનપાડા, નવીમુંબઈ400705 ફોનઃ 9320409008 |
| **નરેશ પદમશી ધરમશી** | ૧૨ રત્નસાગર એપા. સરસ્વતી ચોક, સુરેન્દ્રનગર, ગુજરાત ફોનઃ ૯૭૨૭૭૦૭૯૮૯ |
| **રીતેશ કાંતિલાલ શિયાડ** | ૩૦૪ સદ્‌ગુરૂ કૃપા, શાસ્ત્રીનગર, જુના ડોંબિવલી રોડ, ડોંબિવલી (વે)-૪૨૧૨૦૨. ફોનઃ ૮૦૯૭૧૩૪૩૫૫ |
| **રમેશ માણેકજી દંડ** | અમોલ વાનખેડે હાઉસ, બોકે પ્રિન્ટર્સ પાસે, ગાંધીનગર, અમરાવતી-૪૪૪૬૦૧. |
| **અભય વેલજી ધરમશી** | બી બ્લોક, જી-૧-૪ ક્રિસવીલા એપા. હેમગીરી રોડ, મડગાંવ-ગોવા-403601. ફોન0832-2324108/7798988388 |

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | |
|---|---|---|---|
| ખુશાલ એલ. મોતા-કાંદીવલી | 9320818681/9819108548 | હેતલ મેહુલ ધરમશી-નવીમુંબઈ | 9320449008 |
| ભારતીબેન પ્રેમચંદ નાગડા-ચેંબુર | 25217470/9820532668 | માણેકજી લોડાયા-પુના | 20263408/30421755 |
| હરીશ દામજી ધરમશી-નવીમુંબઈ | 27750037 | | |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩-૩-૧૨ | મુલુન્ડ | TRLO080201 | નાયશા-અલ્કેશ પ્રતાપ લોડાયા | તેરા | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫-૪-૧૨ | ડોંબિવલી | DALI060303 | કેતુલ અશોક ભવાનજી લાપસીયા | દલતુંગી | ૨૫ |
| | મસ્જીદબંદર | ARLO020402 | વિભા ભરત મુલજી લોડાયા | આરીખાણા | ૨૨ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯-૩-૧૨ | સીનર | VKMT010202 | પ્રશાંત લક્ષ્મીચંદ મેઘજી મોતા | વાંકુ | ૩૯ |
| | ભોપાલ | A | પ્રણિતી ખુશાલ ઠાકરે | ભોપાલ | ૩૭ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬-૨-૧૨ | ઘાટકોપર | VRMO0701204 | જુબીન હરીશ ચંદુલાલ મોમાયા | વરાડીયા | ૨૭ |
| | ડોંબિવલી | RPNG011206 | વર્ષા હીરાચંદ વિશનજી નાગડા | રાપર | ૨૨ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪-૪-૧૨ | વડોદરા | KUMA011201 | નવીનચંદ ખેતશી શીવજી મૈશેરી | કુવાપધર | ૮૩ |
| ૫-૪-૧૨ | નેત્રા | TRCD020201 | લહેરચંદ રાયચંદ ધારશી છેડા | તેરા | ૬૫ |
| ૧૧-૪-૧૨ | નાશિક | BDLO041302 | જયવંતીબાઈ નવીનચંદ આણંદજી લોડાયા | બાંઢિયા | ૬૯ |
| ૧૨-૪-૧૨ | આદીપુર | JSCD020501 | સૂર્યકાંત વિસનજી મુલજી છેડા | જસાપર | ૭૧ |



Mandakini Maisheri

**VYOM KREATIONS**

Embroidery , Designing & Stitching of Sarees, Blouse & Dresses.



**Work Studio at :** 9 Datta Patil Premises, Station Road, Near Railway Station, Pant Nagar, Ghatkopar (E), Mumbai-75.

**By Appointment Only**
**Contact : M. 8097003359**


## પાસ થયા - હાર્દિક અભિનંદન

દર્શન વિપુલ ડાઘા-અમલનેર F.Y.B.Com. 67%

**ભુલસુધાર :** પ્ર.સ.અંક ૧૪માં નવા સરનામામાં શરતચુકથી ડો. ધારીણી અશોક નાગડા છપાયું છે જે સુધારીને **ડો. ધારીણી આશિક નાગડા** વાંચવું.

## પાલીતાણા મહોત્સવની અનુમોદના

માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવારે પાલીતાણાતીર્થે અજિત-શાંતિ પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય રીતે ઉજવી જ્ઞાતિનું નામ રોશન કર્યું એ સુકૃતની ભૂરી અનુમોદના...
**ચંદ્રેશ વીરચંદ છેડા (રાયપુર) પ્રમુખઃઉત્તર ભારત એકમ**

## ડાઘા-નાગડા પરિવારનું ગૌરવ

### વ્હાલી દિકરીને હાર્દિક અભિનંદન



**કુ. મહેક મહેશ રામજી ડાઘા** (વરાડિયા)

**કુ. મહેક B.Sc. with Biochemistry**માં **1st Class** કરી **M.B.A. HR**માં ઉત્તીર્ણ થઈ **Infosys Technology Ltd.**માં નિમણુંક પામવા બદલ **હાર્દિક અભિનંદન** તે વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છા.

**-: શુભાશિષ :-**

દાદાણાં :
માતુશ્રી હિરબાઈ રામજી ડાઘા પરિવાર (વરાડિયા)

નાનાણાં :
શા. ટોકરશી પદમશી નાગડા પરિવાર (નલીયા)

માતા-પિતા :
સૌ. નિશા-મહેશ રામજી ડાઘા (મુલુન્ડ-વરાડિયા)

## હાર્દિક અભિનંદન



**ચિ. પુર્વેશ કૈલાસ મોતા** (સુથરી-અમરાવતી)

(જન્મ તા. 16-9-1985)

B.E. (Electronics) D.J. Sanghvi College of Engg. - Mumbai (June 2007) M.S. (E.E.) The Ohio State University - USA (Dec. 2008)

આ શૈક્ષણિક સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને ઉત્તરોતર પ્રગતિની શુભેચ્છા... હાલ અમરાવતી (મહારાષ્ટ્ર)માં Aluminium recycling અને Utensils / Cookware manufacturingમાં family businessમાં જોડાયેલ છે.

✼ શુભાશિષ ✼

દાદાણાં : માતુશ્રી સ્વ.સુંદરબાઈ ભવાનજી ભીમશી મોતા પરિવાર (સુથરી-મુર્તિજાપુર)

નાનાણાં : માતુશ્રી ખેતબાઈ ગોવિંદજી જીવરાજ લાલકા પરિવાર (લાલા-મુલુંડ)

Contact : Kailash-09422162335 Email : kailasmota@gmail.com

## હાર્દિક અભિનંદન !



**ભાવિન કિરણ ધનજી ભેદા** (વારાપધર-મુલુન્ડ)

જન્મ તા.૧૮-૧-૧૯૮૮

B.Com. M.Com. (I) Retail Marketing PGPDM

✼ શુભાશિષ ✼

દાદી-દાદા : જયવંતી ધનજી ભેદા
માતા-પિતા : તૃપ્તી કિરણ ભેદા
કાકી-કાકા : આશા જયેશ ભેદા
ફઈ-ફુઆ : શોભના ઉતીન ખોના (નલીયા) • દર્શના અતુલ મોમાયા (ડુમરા)
નાના-નાની : ઉષા કાંતિલાલ શાહ (સુજાપર)
મામા-મામી : ઉર્વી કમલેશ શાહ

ભાઈ : હીરલ, અંકુર, વિનીત, દીપ • બહેનો : મિતાલી પ્રિયેશ મૈશેરી, ઉતીકા, વારીજા, પુર્વા, મનાલી

એવં સમસ્ત ભેદા અને લોડાયા પરિવાર

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
**Regd. No.MH/MR/East/53/2012-14**
**Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.**

# ભલારાદાદા એસ્ટેટ એજન્સી–ગાંધીધામના ઉપક્રમે શ્રી લબ્ધિ મોમાયા દ્વારા જલગામ–ધુલિયામાં “વતન વિકાસગાથા” કાર્યક્રમની ઝલક

















To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078. Editor : **Raichand R. Nagda**